અપીલ અરજી નં.૨૩૮ તા.૨૯–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી દલસુખભાઈ કે. કટારિયા
સામાવાળાઃ– ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી દલસુખભાઈ કે. કટારિયાની તા.૧૮–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મેં તા. ૧–૮–૨૦૧૦ના રોજ ડિપોઝીટની રકમ રૂ.૫૦૦૦/– તથા હોસ્ટેલ ફીની રકમ પરત મેળવવા લેખિતમાં ફરિયાદ કર્યા બાદ તા. ૨૭–૧૨–૧૦ના રોજ ચેક નં.૩૬૦૧ તા. ૨૦–૧૨–૧૦ રૂ. ૫૦૦૦/–મોકલ્યા હતા.પરંતુ હોસ્ટેલ ફીની રકમ પરત કરેલ નહિ. આ ઉપરાંત રૂ.૫૦૦૦/– ડિપોઝીટની રકમ કયા કારણોસર લગભગ પાંચ મહિના બાદ ઉપરોકત ચેક ધ્વારા મોકલી ? પાંચ મહિનાનું વ્યાજ કેમ ચુકવેલ નથી ? વધુમાં હોસ્ટલ ફીની રકમ રૂ. ૧૫૦૦૦/–માંથી આપે કોઈ જ રકમ શા માટે ચુકવી ન હતી. આ અંગે ખુલાસો કરી માહિતી આપશો વિ.મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૩૮/૨૦૧૧–૧૨

શ્રી દલસુખભાઈ કે. કટારિયાની તા.૧૮–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મેં તા.૧–૮–૨૦૧૦ના રોજ ડિપોઝીટની રકમ રૂ.૫૦૦૦/– તથા હોસ્ટેલ ફીની રકમ પરત મેળવવા લેખિતમાં ફરિયાદ કર્યા બાદ તા. ૨૭–૧૨–૧૦ના રોજ ચેક નં.૩૬૦૧ તા. ૨૦–૧૨–૧૦ રૂ.૫૦૦૦/– મોકલ્યા હતા.પરંતુ હોસ્ટેલ ફીની રકમ પરત કરેલ નહિ. આ ઉપરાંત રૂ.૫૦૦૦/– ડિપોઝીટની રકમ કયા કારણોસર લગભગ પાંચ મહિના બાદ ઉપરોકત ચેક ધ્વારા મોકલી ? પાંચ મહિનાનું વ્યાજ કેમ ચુકવેલ નથી ? વધુમાં હોસ્ટલ ફીની રકમ રૂ ૧૫૦૦૦/–માંથી આપે કોઈ જ રકમ શા માટે ચુકવી ન હતી. આ અંગે ખુલાસો કરી માહિતી આપશો વિ.મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી આપવા બાબતે ડીન અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર)ના પત્ર નં.સ્મીમેર/૧૨૯ તા. ૯–૮–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે તેમના પ્રત્યુત્તર માટે જે જોગવાઈનો આધાર લીધેલ હોય તેની નકલ પણ મોકલી આપવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૪૯ તા.૬–૯–૧૧ થી ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર) તથા અરજદારને તેમની તા.૨૬–૮–૧૧ ની અપીલ અધિકારીએ અપીલ સ્વીકાર્યા વિના પરત કરેલ તેવી ફરીયાદના અનુસંધાને અપીલ અધિકારી S.M.C. લખેલ ટપાલ કયા ખાતા , શાખાએ કયા અધિકારી કે કર્મચારીએ કઈ તારીખે અને કયા સમયે ઈન્કાર કરેલ છે તેવી કોઈ વિગતો–કે આધાર રજુ કરેલ નથી. તેવી ચોકકસ વિગતો આધાર સહ રજુ કરવા જણાવવા સાથે તેની અનુપસ્થિતિમાં એવા કોઈ નિષ્કર્ષ પર આવી શકાય નહીં તેવું જણાવી સાથે સમય અવધિમાં ડીન અને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળ્યા બાદ કયા મુદ્દા અંગે શું નારાજગી છે તે આધાર સહ સ્પષ્ટ કરવા પણ જણાવવા સાથે એ પણ સુચિત કરેલ કે તેમની તા. ૧૮–૮–૧૧ના રોજ ડિનશ્રી,સ્મીમેરને સંબોધીને લખેલ પત્ર જેની નકલ ડે.કમિ.(ફા)ને રવાના કરેલ તેના અનુસંધાને અત્રેના કચેરીના પત્ર નં. આરટીઆઈ સેલ/૭૧૯ તા. ૨–૯–૧૧થી ડે.કમિ.(ફા) કક્ષાએથી જ તમો અપીલ કરવા ઈચ્છુક હોય તો નારાજગીના આધાર સહ પ્રથમ અપીલ ડે.કમિ. (સ્પે)ને અપીલ કરવા સાથે તકરાર નિવારણની બાબતે અલાયદી રજુઆત કરવાની રહે છે તે પણ સુચિત કરતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નંસ્મીમેર/આ.નં.૨૨૦૦ તા.૧૨–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, હોસ્ટેલ ડીપોઝીટ રસીદની નકલ, હોસ્ટેલ ફી રસીદની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સ્મીમેર/૧૨૯ તા.૯–૮–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૧૮–૮–૧૧ થી આપેલ માહિતી અંગે કરેલ રજૂઆત અંગેના પત્રની નકલ, અરજદારને સુધારેલ વિગતે આપેલ માહિતી અંગે પત્ર નં.સ્મીમેર/૨૧૩૯ તા.૬–૯–૧૧ ના પત્રની નકલ, સા.સ.ઠ નં.૧૮૧/૨૦૧૧ તા.૨૭–૪–૧૧ ના ઠરાવની નકલ, સ્થા.સ.ઠ. નં.૪૮૧/૨૦૦૮ તા.૩૧–૭–૦૮ ના ઠરાવની નકલ, હોસ્ટેલ ફોર્મની નકલ, તેમજ હોસ્ટેલ એલોર્ટમેન્ટ રીપોર્ટની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૫–૯–૧૧ થી પૂરક વિગતનો પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૫–૭–૧૧ ની અરજી અરજદારે તા.૧૮–૭–૧૧ ના રોજ સ્મીમેર ખાતે જાહેર માહિતી અધિકારી સ્મીમેર કોલેજને આપવામાં આવેલ. જેની ફી રસીદ નં.૩૯૩૪૦૮ તા.૧૮–૭–૧૧ થી સ્મીમેર ખાતે ભરવામાં આવેલ. જેમાં અરજદારે હોસ્ટેલ ડીપોઝીટ અને ફી અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સ્મીમેર/૧૨૯ તા.૯–૮–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) મેં તા.૧–૮–૨૦૧૦ના રોજ ડિપોઝીટની રકમ

રૂ.૫૦૦૦/– તથા હોસ્ટેલ ફીની રકમ પરત મેળવવા લેખિતમાં ફરિયાદ કર્યા બાદ તા. ૨૭–૧૨–૧૦ના રોજ ચેક નં.૩૬૦૧ તા. ૨૦–૧૨–૧૦ રૂ.૫૦૦૦/– મોકલ્યા હતા.પરંતુ હોસ્ટેલ ફીની રકમ પરત કરેલ નહિ. આ ઉપરાંત રૂ.૫૦૦૦/– ડિપોઝીટની રકમ કયા કારણોસર લગભગ પાંચ મહિના બાદ ઉપરોકત ચેક ધ્વારા મોકલી ? પાંચ મહિનાનું વ્યાજ કેમ ચુકવેલ નથી ? વધુમાં હોસ્ટલ ફીની રકમ રૂ ૧૫૦૦૦/–માંથી આપે કોઈ જ રકમ શા માટે ચુકવી ન હતી. આ અંગે ખુલાસો કરી માહિતી આપશો.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સ્મીમેર મેડીકલ કોલેજ સુરત મનપા સંચાલિત મેડીકલ કોલેજ હોઈ જેનો સમગ્ર વહીવટ ધી બીપીએમસી એકટ–૧૯૪૯ જોગવાઈના આધિન થતો હોય અને તદાનુસાર સામાન્ય સભા સર્વોપરિસત્તા હોઈ સાધારણ સભા ઠ. નં.૪૮૧/૨૦૦૮ તા.૩૦–૭–૦૮ ની જોગવાઈના આધીન જે તે સમયે અરજદાર પાસે હોસ્ટેલ ડીપોઝીટ , હોસ્ટેલ ભાડુ તથા હોસ્ટેલ મેન્ટેનન્સ ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. હોસ્ટેલના કબ્જો પરત કર્યા બાદ નિયમોનુસાર હોસ્ટેલ ડીપોઝીટ રૂા.૫૦૦૦/– પરત કરવામાં આવેલ છે. સદર ડીપોઝીટ ચૂકવવામાં ખાતાકીય પ્રક્રિયા કરવાની રહેતી હોય તથા સદર ઠરાવમાં વ્યાજ ચૂકવવા સબબ કોઈ જોગવાઈ ન હોય જે ધ્યાને લેવા વિનંતી. વધુમાં જે તે સમયના સા. સભાના નિર્દેશિત ઠરાવની જોગવાઈને આધિન હોસ્ટેલ ભાડુ તથા હોસ્ટેલ મેન્ટેનન્સ રીફન્ડ કરવા જોગવાઈ ન હોય સદર રકમ જે તે સમય પરત કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૨) મે તા.૧૩–૬–૧૧ ના રોજ હોસ્ટેલ ફી ની રકમ પરત મેળવવા લેખિતમાં ફરીયાદ કરી હતી આ અગાઉ પણ આપનો લેખિતમાં રૂબરૂ મુલાકાત સમયે તથા ટેલીફોન ધ્વારા વારંવાર ફરીયાદ કરવા છતાં આ રકમ ચૂકવવામાં લગભગ એક વર્ષ જેટલો સમય લીધા બાદ રૂા.૧૫૦૦૦/– માંથી આપે માત્ર ૧૦,૦૦૦/– ની રકમનો ચેક તા.૨૦–૬–૧૧ ચેક નં.૮૨૩૩૨૦ મોકલેલ છે. હોસ્ટેલનું ભાડુ પ્રોરેટા મુજબ રૂા.૨૫૦૦/– બાદ કરી રૂા.૧૨,૫૦૦/– પરત કરવાને બદલ આપે કયા હિસાબે માત્ર ૧૦,૦૦૦/– મોકલેલ છે તેની તેની માહિતી આપશો. તદઉપરાંત આ રકમ એક વર્ષ બાદના વિલંબથી મોકલી હોઈ ૧૨% ના દરે વ્યાજની ચૂકવણી કરશો તથા પ્રોરેટા મુજબ બાકી નિકળતી રકમ રૂા.૨૫૦૦/– તાકીદે ચૂકવશો. આ અંગે જરૂરી ખુલાસા કરી રૂા.૧૫,૦૦૦/– ના હિસાબની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપની તા. ૧૩–૬–૧૧ ની હોસ્ટેલ ફી ની રકમ પરત કરવા બાબત રજૂઆત તથા આ અગાઉ આપના ધ્વારા કરવામાં આવેલ રૂબરૂ રજૂઆત તથા અન્ય વાલીઓ તરફથી મળેલ રજૂઆત ધ્યાને રાખી જે કિસ્સાઓમાં યુ.જી. વિદ્યાર્થી રાજય સરકારશ્રી ધ્વારા નિયુકત એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ મેડીકલ કોર્ષીસ અમદાવાદ મારફત પ્રવેશ મેળવી સ્મીમેર સંસ્થામાં હોસ્ટેલ સુવિધા પ્રાપ્ત કરેલ હોય અને ત્યાર બાદ નિર્દેશિત એડમીશન કમીટી મારફત યોજીત રીશફલીંગ કાર્યક્રમ અંતર્ગત અત્રેની સંસ્થામાં એડમીશન રદ કરાવી અન્ય સંસ્થામાં પ્રવેશ મેળવે અને તે કારણોસર હોસ્ટેલનો કબ્જો પરત કરે તેવા કિસ્સાઓ માટે તેઓ પાસેથી ખરેખર હોસ્ટેલ ભોગવટાના સમયગાળા ના જે તે મહિનાની પુરા મહીના તરીકે ગણતરી કરી હોસ્ટેલ ફી તેમજ મેન્ટેનન્સ ચાર્જ વસુલાત કરી બાકી રકમ પરત કરવા પેરા (૧) માં નિર્દેશિત ધીબીપીએમસી એકટ અનુસાર સાધારણ સભાના મુળ ઠરાવ નં.૪૮૧ /૨૦૦૮ તા.૩૦–૭–૦૮ માં સામાન્ય સભા ઠરાવ નં.૧૮૧/૨૦૧૧ તા. ૨૭–૪–૧૧ થી આંશિક સુધારો કરવામાં આવેલ છે. આમ મુળ ઠરાવની જોગવાઈના સુધારા કરવાની કાર્યવાહી થયેલ હોય આ ચૂકવણી તા.૨૦–૬–૧૧ ના રોજ થયેલ છે તેને આધીન નીચે મુજબની વિગતે હોસ્ટેલ ભાડુ તથા મેન્ટેનન્સ રૂા.૧૦,૦૦૦/– તા.૨૦–૬–૧૧ ના રોજ ચેક નં.૮૨૩૩૨૦ થી રીફન્ડ કરવામાં આવેલ છે. વિદ્યાર્થી કટારીયા ટવીકંલ દલસુખભાઈની હોસ્ટેલ ભાડુ તથા મેન્ટેનન્સ ફી ની ગણતરી હોસ્ટેલ પ્રવેશ તા.૩૦–૭–૧૦ અને હોસ્ટેલ છોડયા તા.૧–૧૦–૧૦ હોસ્ટેલ ભોગવટોનો સમયગાળો ચાર માસ હોસ્ટેલ ફી વાર્ષિક રૂા.૩૦૦૦/– ના પ્રતિ માસ રૂા.૨૫૦×૪ માસનો ભોગવટો –રૂા.૧૦૦૦/– તે રીતે મેન્ટેનન્સ વાર્ષિક રૂા.૧૨૦૦૦/– પ્રતિ માસ રૂા.૧૦૦૦/– ચાર માસના ભોગવટાના રૂા.૪૦૦૦/– આમ હોસ્ટેલ ફી તથા મેન્ટેનન્સના કુલ વસુલ કરવા જોગ રકમ રૂા.૫૦૦૦/– જે હોસ્ટેલ ફી તથા મેન્ટેનન્સ રસીદ નં.૦૦૨૯ થી રૂા.૧૫૦૦૦/– ભરપાઈ કરેલ તેમાંથી રૂા.૫૦૦૦/– બાદ કરતાં પરત કરવા જોગ રકમ રૂા.૧૦,૦૦૦/– ચેક નં.૮૨૩૩૨૦ રીફંડ ચૂકવેલ છે. મુદ્દા નં.૩ આપની કોલેજમાં (સ્મીમેર) શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ ના વર્ષમાં એમ.બી.બી.એસ ના પ્રથમ વર્ષ મેળવ્યા બાદ અન્ય કોલેજમાં પ્રવેશ મેળવી આપની કોલેજમાં પ્રવેશ રદ કરાવી જનાર વિદ્યાર્થીઓને પરત મેળવવા પાત્ર થતી રકમો જેવી કે ડીપોઝીટની રકમ તથા હોસ્ટેલ ફી ની રકમો કેટલી અને કયારે કયા ચેક નંબર અને તારીખે ચૂકવી છે તેની સંપૂર્ણ વિગતોની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ માં એમબીબીએસ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવી તથા હોસ્ટેલ કબ્જો મેળવ્યા બાદ નિર્દેશિત એડમીશન કમિટીના રીશફલીંગ કાર્યક્રમમાં અન્ય કોલેજોમાં પ્રવેશ મેળવી અત્રેની કોલેજમાં પ્રવેશ રદ કરાવી જનાર વિદ્યાર્થીઓની સંખ્યા કુલ–૬(છ) છે. આ વિદ્યાર્થીઓ પૈકી તમામ ૬(છ) વિદ્યાર્થીઓને હોસ્ટેલ ડીપોઝીટની રકમ તથા ૨(બે) વિદ્યાર્થીઓને તેઓની અરજીને આધીન હોસ્ટેલ ફી/મેન્ટેનન્સ ની રકમોનું રીફંડ ચૂકવવામાં આવેલ છે. હોસ્ટેલ ડીપોઝીટ રીફંડ ચૂકવવામાં આવેલ અરજદારની વિગત નીચે મુજબ છે. (૧) જોષી હેતલબેન કરશનભાઈ રૂા.૫૦૦૦/– તા.૮–૧૨–૧૦ (૨) વાંચ્છાની અર્જુન કિશોરભાઈ રૂા.૫૦૦૦/– તા.૨૬–૧૦–૧૦ (૩) કટારીયા ટીવ્કલ દલસુખભાઈ રૂા.૫૦૦૦/– તા.૮–૧૨–૧૦ (૪) મહીડા કૌશિકકુમાર મુળજીભાઈ રૂા.૫૦૦૦/– તા.૨૮–૧–૧૧ (૫) ચૌધરી નિરવ પ્રશાંતભાઈ રૂા.૫૦૦૦/– તા.૨૮–૧–૧૧ (૬) ટાંક અક્ષય યોગેશભાઈ રૂા.૫૦૦૦/– તા.૨–૧૧–૧૦ **હોસ્ટેલ ફી/મેન્ટેનન્સનું રીફંડ ચૂકવવામાં આવેલ અરજદારની વિગત નીચે મુજબ છે.** (૧) જોષી હેતલબેન કરશનભાઈ રૂા.૧૧૨૫૦/– તા.૧૬–૬–૧૧ (૨) કટારીયા ટીવ્કલ દલસુખભાઈ રૂા.૧૦૦૦૦/– તા.૧૬–૬–૧૧. તેવું જણાવેલ છે. ત્યાર બાદ

અરજદારે જાહેર માહિતી અધિકારીએ તા.૧૮–૮–૧૧ ના પત્રથી અધૂરી અચોકકસ અને અન્યાયી માહિતી આપેલ છે તેવું જણાવી સંપૂર્ણ ચોકકસ અને ન્યાયી માહિતી આપવા રજૂઆત કરેલ.(૧) જે અંગે અરજદારે રીફંડ ચૂકવવાના પાંચ મહીના સમયગાળાનીરજૂઆત અને વિલંબની ચૂકવણી અંગે વ્યાજની માંગણી કરેલ છે. (૨) ત્યાર બાદ અરજદારે સા.ઠ. નં. ૧૮૧/૨૦૧૧ તા.૨૭–૪–૧૧ ના સુધારા બાબતેની રજૂઆત તેમજ રીફંડના વિલંબની રજૂઆત અને બંને ઠરાવની નકલો માંગવામાં આવેલ છે. (૩) હોસ્ટેલ છોડયા તા.૧–૧–૧૦ જણાવેલ છે જેમાં અરજદારે હોસ્ટેલ પ્રવેશ તા.૫–૮–૧૦ આપ્યા હોવાનું જણાવેલ છે. અને તા.૩૦–૭–૧૦ ના હોસ્ટેલ પ્રવેશની વાત તદ્દન ખોટી છે તેમજ હોસ્ટેલ છોડયા તા.૨૮–૯–૧૦ છે આમ બંને તારીખો એક દિવસ ખોટી દર્શાવી પ્રવેશનો મહીનો અને હોસ્ટેલ છોડવાનો મહીનો ગણી ખોટી રીતે ભાડુ કાપી લેવાની તકરારી બાબતની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં સદર રીપોર્ટના ક્રમ નં.૪૪ તા.૪–૩–૧૧ માં અરજદારની પ્રવેશ તા.૩૦–૭–૧૦ અને છોડયા તા.૧–૧૦–૧૦ છે. વધુમાં હોસ્ટેલ પ્રવેશ ફોર્મમાં પણ તા.૩૦–૭–૧૦ ના પ્રવેશની વિગત જણાવેલ છે અને ફર્નીચર સહ રૂમ ઈસ્યુ કર્યાનો શેરો જણાય છે. (૪) અરજદારે વળતરના ખર્ચ રૂા.૧૦૦૦/– અને ટપાલના ખર્ચ ૧૦૦/– ચૂકવવાની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને તા.૬–૯–૧૧ ના પત્રથી પાના નં.૨ ઉપર દર્શાવવામાં આવેલ કોષ્ટકમાં હોસ્ટેલ છોડયાની તા.૧–૧–૧૦ ના બદલે તા.૧–૧૦–૧૦ હોઈ વંચાણે લેવી. વધુમાં અરજદારના તા.૧૮–૮–૧૧ ના પત્રમાં મુદ્દા નં.૨ થી જણાવ્યા મુજબ ઠરાવ નં.૪૮૧/૨૦૦૮ તથા ૧૮૧/૨૦૧૧ અને મુદ્દા નં.૩ માં જણાવેલ હોસ્ટેલ ફાળવણીની નકલ મળી કુલ પાના નંગ–૫ પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૧૦/– કચેરીએ જમા કરાવી મેળવી લેવા જણાવવામાં આવેલ. જેની તા.૧૮–૮–૧૧ ની એક નકલ અત્રે મોકલવામાં આવેલ જે અંગે અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૯ તા.૨–૯–૧૧ થી આપ અપીલ કરવા ઈચ્છુક હોય તો આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) જોગવાઈ મુજબ નારાજગીના આધાર સહ પ્રથમ અપીલ ડે.કમિ. (સ્પે) ને જણાવવામાં આવે છે તથા તકરાર નિવારણ માટે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે તે જાણશો. વધુમાં વિગત માટે સુમપાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in નો સંદર્ભ કરી શકો છો. તેવું જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૮–૮–૧૧ ના પત્ર સંદર્ભે તા.૨૯–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં તેઓએ કુરીયર ધ્વારા કરેલ અપીલ ન સ્વીકારવાની ફરીયાદની રજૂઆત કરેલ છે. પરંતુ નહીં મળેલ માહિતી બાબતે તેમની કોઈ રજૂઆત કરેલ નથી. અરજદારની સદર ફરીયાદ અપીલ બાબતે અત્રેથી આરટીઆઈ સેલ/૭૪૯ તા.૬–૯–૧૧ થી અપીલ અધિકારી S.M.C. લખેલ ટપાલ કયા ખાતા , શાખાએ કયા અધિકારી કે કર્મચારીએ કઈ તારીખે અને કયા સમયે ઈન્કાર કરેલ છે તેવી કોઈ વિગતો–કે આધાર રજુ કરેલ નથી. તેવી ચોકકસ વિગતો આધાર સહ રજુ કરવા તેમજ તેની અનુપસ્થિતિમાં એવા કોઈ નિષ્કર્ષ પર આવી શકાય નહીં તથા સાથે સમય અવધિમાં ડીન અને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળ્યા બાદ કયા મુદ્દા અંગે શું નારાજગી છે તે આધાર સહ સ્પષ્ટ કરવા પણ જણાવવા સાથે એ પણ સુચિત કરેલ કે તેમની તા. ૧૮–૮–૧૧ના રોજ ડિનશ્રી,સ્મીમેરને સંબોધીને લખેલ પત્ર જેની નકલ ડે.કમિ.(ફા)ને રવાના કરેલ તેના અનુસંધાને અત્રેના કચેરીના પત્ર નં. આરટીઆઈ સેલ/૭૧૯ તા. ૨–૯–૧૧થી ડે.કમિ.(ફા) કક્ષાએથી જ તમો અપીલ કરવા ઈચ્છુક હોય તો નારાજગીના આધાર સહ પ્રથમ અપીલ ડે.કમિ.(સ્પે) ને કરવા સાથે તકરાર નિવારણની બાબતે અલાયદી રજુઆત કરવાની રહે છે તે પણ સુચિત કરવા સાથે વધુમાં તેમના તા.૨૬–૮–૧૧ ના પત્રમાં જણાવેલ વિગત " અન્ના હજારેની જેમ આપશ્રીની કચેરીમાં અનશન ઉપર બેસવાની ફરજ પડશે તે બાબતે જણાવવામાં આવેલ કે ભારત સંવિધાન અને અમલી કાયદાની મર્યાદામાં વર્તણૂંક કરવાની અને અનુસરવાની પ્રત્યેક નાગરીકની ફરજ છે અને તેમ કરવા નાગરીક સ્વતંત્ર છે જેની નોંધ લેશો તેવો પત્ર પાઠવવામાં આવેલ છે. જે અંગે અરજદારના તા.૧૫–૯–૧૧ ના પૂરક પત્રથી (૨) કઈ શાખા અને કઈ અધિકારી અને કયા કર્મચારીએ ઈન્કાર કરેલ છે તેવા પ્રશ્નનો ઉત્તર આપવાની જગ્યાએ અરજદારે વજુદ વગરનો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. પરંતુ અરજદારે અત્રે રજૂ કરેલ કવરોમાં એકનું સંબોધન કમિ.શ્રી સુરત મહાનગરપાલિકા જયારે બીજાનું સંબોધન અપીલ અધિકારી આરટીઆઈ તેવું જણાવેલ છે. તથા તે અરજી કયા ખાતા કે ઝોન કે પછી નાગરીક સુવિધાકેન્દ્ર વિગેરે બાબતે કઈ જગ્યાએ તેમના કવરનો ઈન્કાર કરવામાં આવેલ છે તે બાબતે અપીલ તબકકે સ્પષ્ટતા માંગવા છતાં કરવામાં આવેલ નથી. વધુમાં વજુદ વગરના પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે. (૩) વધુમાં તેઓએ ડીનશ્રીએ જણાવ્યાનુસાર અપીલ અધિકારી અપીલ મોકલવાનું જણાવેલ તે યોગ્ય છે. સ્વીકાર ન કરવા કે રીટર્ન બાબતે પણ તેઓને ચોકકસ કચેરી અને કર્મચારીની વિગતો રજૂ કરવા જણાવેલ છે. વધુમાં અરજદારે અલગ અલગ જગ્યાએ અપીલ કરવાનું જણાવી રહયા છો તે બાબતે સાચી માહિતી આપવી તેવી રજૂઆત બાબતે અપીલ અધિકારી સુરત મહાનગરપાલિકા ડે.કમિ. (સ્પે.) ને સંબોધતી કરવાની રહે છે અને તે અરજી સુરત મહાનગરપાલિકાની કોઈ પણ નાગરીક સુવિધાકેન્દ્ર કે કચેરીએ આપી શકાય છે. તેમાં અલગ અલગ જગ્યાએ અપીલ કરવાનો નહીં પણ અપીલ આપવા અંગેની છે અને આથી તમારી પાસે કઈ જગ્યાએ અપીલ બાબતે ઈન્કાર કરેલ છે તેની વિગત માંગવામાં આવેલ.(૪) અરજદારે રીફંડ ચૂકવવામાં આવેલ નથી તેવી રજૂઆત બાબતે આપશ્રીના પ્રશ્ન નં.૧ માં જ તા.૨૭–૧૨–૧૦ ના રોજ ચેક નં.૩૬૦૧ તા.૨૦–૧૨–૧૦ થી રૂા.૫૦૦૦/– મોકલ્યા હતા તેમજ હોસ્ટેલ ભાડુ તથા મેન્ટેન્નસ ના ભાડુ રૂા.૧૦,૦૦૦ તા.૨૦–૬–૧૧ થી ચેક નં.૮૨૩૩૨૦ રીફંડ કરવામાં આવેલ છે. આથી રીફંડ નહીં ચૂકવ્યા બાબતેની અરજદારની રજૂઆતને સમર્થન મળતું નથી. વધુમાં સદર રીફંડ જાહેર માહિતી અધિકારીએ અત્રે રજૂ કરેલ ઠરાવોની જોગવાઈ અનુસાર ચૂકવવામાં આવેલ છે. તેમજ હોસ્ટેલ ફાળવણી બાબતે પણ તેમના ૪–૩–૧૧ ના રીપોર્ટ તથા હોસ્ટેલ પ્રવેશ ફોર્મમાં નિર્દિષ્ટ શેરા મુજબ થયેલ છે. અને તે અનુસાર અરજદારને માંગવામાં આવેલી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારે તા.૧૮–૮–૧૧ ના રોજ કરેલી વધારાની માંગણી અંગે પણ જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૨ અને ૩ માં જણાવેલ ઠરાવની નકલો અને હોસ્ટેલ ફાળવણીની નકલો પણ રૂા.૧૦/– ભરી મેળવવા જણાવેલ છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૮–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદાર તા.૧૮–૮–૧૧ રોજ કરેલી વધારાની માંગણી અંગે પણ જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૨ અને ૩ માં જણાવેલ ઠરાવની નકલો અને હોસ્ટેલ ફાળવણીની નકલો અંગે અરજદાર રૂા.૧૦/– ભરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.

સમગ્ર હકીકત જોતાં અરજદારની માહિતી માંગણી અંગે કોઈ તકરાર રહેવા પામતી નથી જેથી અરજદારની વળતર માંગણી અસ્થાને છે. ઉપરાંત કાયદાની કલમ –૧૯ (૧)(૮)(બી) હેઠળ આવું વળતર ચૂકવવા હુકમ કરવાની સત્તા રાજય માહિતી આયોગ સેકટર–૧૮, ગાંધીનગરને હોઈ આથી તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી આથી અપીલ દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર),....જાણ તથા અમલ માટે
(૨) શ્રી દલસુખભાઈ કે. કટારિયા